:–**ક્રિ.પ.અ.નં.૩૯૫/૧૩ ના કામે અરજદારની વચગાળાનું ભરણપોષણ મેળવવાની આંક–૧૩ ની અરજી લગત હુકમ** :–

૧. અરજદારની વચગાળાની રાહત અપાવવાની આંક ૧૩ ની અરજી વંચાણે લીધી તથા વચગાળાની રાહત મેળવવા માટેની અરજીના સંદર્ભમાં આ કામે સામાવાળા તરફે તા.૮–૧૦–'૧૪ ના રોજ રજુ કરવામાં આવેલો જવાબ વંચાણે લીધો. આ કામે અરજદારે, સામાવાળાઓએ, તેમની સાથે ઘરેલું હિંસા કરેલ હોય,જેથી રક્ષણ મેળવવા અર્થે કલમ ૧૮–૧૯–૨૦–૨૨–અન્વયે અરજી દાખલ કરેલી છે. જે અરજીનો આ કામના સામાવાળાઓ ધ્વારા આંક ૭ થી જવાબ આપવામાં આવેલો છે. જેમાં આ કામના સામાવાળાઓએ પ્રોટેકશન અધિકારીએ રજુ કરેલ રીપોર્ટની હકીકતોનો સંપૂર્ણપણે ઈન્કાર કરેલો છે. આમ અરજદાર / ફરીયાદીએ, સામાવાળાઓએ, તેમની ઉપર કૌટુંબિક હિંસા કરેલી હોય તે પ્રકારની જે અરજી કરેલી છે, તેનો વિરોધ સામાવાળાઓ ધ્વારા કરવામાં આવેલો હોય તેને ધ્યાને લેતાં આ અરજીની હકીકતો તકરારી બાબત છે, પરંતુ અરજી અને જવાબને ધ્યાને લેતાં એ હકીકત નિર્વિવાદ છે કે અરજદાર તથા સામાવાળા નં.૧ વચ્ચે પતિ–પત્નીના સબંધ છે અને તેઓના લગ્ન તા.૨૩/૧/'૦૬ ના રોજ થયેલા.

૨. મુળ અરજીનો નિકાલ થતાં સમય લાગી જાય તેમ હોય, જેથી અરજદારે આંક ૧૩ થી વચગાળાનો હુકમ કરવા માટે અરજી દાખલ કરેલી છે. જે અન્વયે અરજદારે ક.૧૮,૧૯,૨૦, ૨૨ અન્વયે હુકમ મેળવવા માટેની અરજી દાખલ કરેલી છે. સામાન્ય રીતે આ પ્રકારના હુકમો કાયદાકીય જોગવાઈ અનુસાર કરી શકાય, પરંતુ જયારે કૌટુંમ્બિક હિંસા થવા પામી છે તેવી હકીકત પ્રથમ દર્શનીય રીતે પુરવાર થાય તેવા સંજોગોમાં આવા પ્રકારના હુકમો એકપક્ષીય રીતે કરી શકાય અને આવા આદેશ, એ કાયમી ધોરણે કરી શકાય નહિ. હાલના કેસમાં અરજદારની અરજીની હકીકતોનો સંપૂર્ણપણે વિરોધ સામાવાળાઓ ધ્વારા કરવામાં આવેલો છે. જેથી સામાવાળાઓ ધ્વારા અરજદાર પોતાની અરજીમાં જણાવે છે તેવી કૌટુંમ્બિક હિંસા અરજદાર તથા તેની દીકરીઓ ઉપર કરી રહયા હોવાની અરજીની હકીકત હાલના તબકકે પુરાવાનો વિષય છે. હાલમાં અરજદાર,તેની

દીકરીઓ સાથે તેના પિતા સાથે રહેતાં હોવાનું જણાવતાં હોય તેવા સંજોગોમાં અરજદારની સાથે કોઈ પ્રકારની કૌટુંમ્બિક હિંસાનું પુનરાવર્તન કેસની કાર્યવાહી પૂર્ણ થાય ત્યાંસુધી થવાની શકયતા જણાઈ આવતી નથી. તે સંજોગોમાં હાલના તબકકે કલમ ૧૮,૧૯,૨૦,૨૨ લગત હુકમ કરવામાં આવતાં નથી.

૩. વધુમાં આ કામે અરજદારે, તેમની સદરહુ અરજીમાં સામાવાળા નં.૧ પાસેથી તેણીની તથા તેની બંને દીકરીઓના વચગાળાની ભરણપોષણની રકમ મેળવવા માટેની અરજી કરેલી છે અને તેમાં અરજદાર જણાવે છે કે સામાવાળાએ, તેણીના તથા તેની બંને દીકરીઓના ભરણપોષણની કોઈ જ વ્યવસ્થા કરેલી નથી. તેણી કોઈ કામધંધો જાણતાં નથી કે તેણીને કોઈ આવક નથી કે આવકનું કોઈ સાધન પણ નથી. આ કામના સામાવાળા કઠવાડા ખાતે ૧૦૦ ગાયોનો તબેલો ધરાવી પશુપાલનનો ધંધો કરે છે અને તેમાંથી દૂધ વિ.નું વેચાણ કરી રોજના રૂ.પંદર હજાર કમાય છે તેમજ આ કામના સામાવાળા ખેતીની જમીન ધરાવે છે અને તેમાંથી પણ સારી એવી આવક ધરાવે છે તેમજ સામાવાળા ઘણી મોટી સ્થાવર, જંગમ મિલકતો ધરાવે છે અને આ કામના સામાવાળાના શિરે અરજદાર તથા તેની દીકરીઓ સિવાય અન્ય કોઈના ભરણપોષણ કે જીવન નિર્વાહની કોઈ જવાબદારી નથી અને તેઓ,તેણીનું સારી રીતે ભરણપોષણ કરી શકે તેવી આર્થિક સ્થિતિમાં છે કે કેમ તે બાબત પણ એક પુરાવાનો વિષય બની જાય તેમ છે. પરંતુ હાલમાં સામાવાળા નં.૧ એટલી આવક તો મેળવે છે કે જેથી તે હાલના સંજોગોમાં અરજદાર તથા તેની દીકરીઓનું, કે જયારે તેણી તેની દીકરીઓ સાથે હાલમાં તેના પિતાની સાથે રહે છે તે બિનતકરારી હકીકત છે તેવા સમયગાળામાં અરજદાર તથા તેની દીકરીઓના ભરણપોષણ માટે નાણાં ચુકવી શકે. વચગાળાની અરજીનો મુળભુત હેતુ જયારે અરજદારને કેસ કરવાની ફરજ પડેલી છે તેવા સંજોગોમાં તે કેસનો ન્યાયિક નિર્ણય ન થાય ત્યાંસુધી તેના ભરણપોષણ પેટે તેને મુશ્કેલી ન પડે તે જોવાનો છે. અરજદારની અરજી અને સામાવાળાના જવાબને ધ્યાને લેતાં અરજદાર પ્રાથમિક તબકકે સામાવાળા નં.૧ ના ઘરનો ત્યાગ કરીને તેના પિતાની સાથે બંને દીકરીઓ સાથે રહેતી હોવાનું સ્પષ્ટ થાય છે અને સામાવાળા નં.૧ તથા અરજદારની વચ્ચે પતિ–પત્નીના સબંધો હોય સામાવાળા નં.૧ કાયદેસર અને સામાજીક રીતે અરજદાર તથા તેની દીકરીઓનું ભરણપોષણ કરવા માટે જવાબદાર છે.

૪. અરજદાર ઘરેલું હિંસાથી વ્યથિત વ્યકિત હોવાનું પ્રાથમિક તબકકે જણાઈ આવતું હોય અને તેણી તેના પિતાની સાથે બંને દીકરીઓ સાથે રહેતાં હોય તેવું પણ અરજદાર પોતાની અરજીમાં જણાવતાં હોય તે હકીકતને ધ્યાને લેતાં કેસની કાર્યવાહી પૂર્ણ થતાં જે સમય જાય તે વચગાળાની રાહત તરીકે અરજદાર તથા તેની દીકરીઓના ભરણપોષણ અર્થે તેમને નાણાંકીય જરૂરિયાત ઉદ્ભવે તે સ્વાભાવિક છે. વધુમાં કેસ પેપર્સને ધ્યાને લેતાં અરજદાર તથા તેની દીકરીઓને અન્ય કોઈ કોર્ટમાંથી વચગાળાનું ભરણપોષણ મળતું હોય તેવું પણ રેકર્ડ પરથી જણાઈ આવતું નથી.

૫. જેથી ઉપરોકત તમામ સંજોગો અને હકીકતોને લક્ષમાં લેતાં અરજદાર તથા તેની બંને દીકરીઓના વચગાળાના ભરણપોષણ માટેનો ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુ ક મ**

આથી સામાવાળા નં.૧ નાએ, અરજદારને, તેના પોતાના વચગાળાના ભરણપોષણ પેટે માસિક રૂ.૧૫૦૦( અંકે રૂપિયા પંદરસો પુરા ) તથા તેની બંને દીકરીઓના વચગાળાના ભરણપોષણ પેટે, દરેકને માસિક રૂ. ૧૦૦૦/– ( અંકે રૂપિયા એક હજાર પુરા ) આ અરજીની તારીખથી ચડયે ચડયા ચુકવી આપવા.

ક.૧૮–૧૯–૨૦–૨૨ ના સંદર્ભમાં હાલના તબકકે કોઈ પુરાવો રજુ થયેલો ન હોય અને તકરારી હકીકત હોય હાલના તબકકે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઘરેલું હિંસાના કાયદાની જોગવાઈ અન્વયે પક્ષકારોને સદર હુકમની નકલ વિનામૂલ્યે પુરી પાડવી.

હુકમ આજ તા.૧૬/૫/૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

(આરઝુ રમણલાલ તાપીયાવાલા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.
જજ કોડ નં.જીજે૦૦૭૩૩